# પારૂલ યુનિવર્સિટીના વિદ્યાર્થી યશ પટેલે જયપુરમાં યોજાયેલી આંતરરાષ્ટ્રીય કોમનવેલ્થ ગેમ્સમાં સિલ્વર મેડલ મેળવ્યો

વડોદરા, તા.૪

૩ થી ૧૧ નવેમ્બર દરમિયાન ઇન્ટરનેશનલ જ્યુડો ફેડરેશન ના નેજા હેઠળ જ્યુડો ફેડરેશન ઓફ ઇન્ડિયા દ્વારા આઠ દિવસની જ્યુડો સ્પર્ધાનું પિન્કી સિટી જયપુર ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. જયપુરના સવાઇ માનસીંઘ સ્ટેડીયમ ખાતે યોજાયેલ આ જ્યુડો સ્પર્ધામાં પંદર કરતા વધારે દેશો જેવા કે દક્ષિણ આફ્રિકા, બ્રિટન, બોટ્સવાના, ન્યુઝીલેન્ડ, મલેશિયામાંથી આવેલ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ પ્રકારની જ્યુડો સ્પર્ધા પ્રથમ વખત ભારતમાં યોજાઇ હતી. આ કોમનવેલ્થ જ્યુડો ચેમ્પિયનશીપમાં પારૂલ યુનિવર્સિટીમાં એન્જીનીયરીંગ ફેકલ્ટીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી યશ પટેલે



ઇન્ડિયા બી ટીમના સદસ્ય તરીકે જુનિયર મેન્સ લીગમાં ત્રણ ટીમ સામે સ્પર્ધામાં ભાગ લીધો હતો જેમાં બે સ્પર્ધામાં તેઓ વિજયી થયા હતા. બે વર્ષ પહેલા તેઓ એશિયન ગેમ્સમાં ભાગ લીધેલ હતો. યશ પટેલે આ પ્રસંગે પોતાની પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, કોમનવેલ્થ જ્યુડો ચેમ્પિયનશીપમાં વિજયી થઇ દેશ માટે સિલ્વર મેડલ મેળવવા બદલ ખુબજ ગૌરવની લાગણી અનુભવું છું. આ સ્પર્ધામાં ભાગ લેવા પુર્વે તૈયારી દરમ્યાન ઇજાગ્રસ્ત થયો હતો જેના માટે મુંબઇ માં સારવાર લેવી પડી હતી. ડોક્ટરે મને ફરી વાર રમત ગમત ક્ષેત્રે સ્પર્ધાઓમાં ભાગ લેવો હોય તો તે માટે પગની સર્જરી કરવી પડશે તેવો મત વ્યકત કર્યો હતો. ઓપરેશન પછી મને ૮ મહીના માટે આરામ કરવા જણાવવામાં આવ્યું હતું પરંતુ ચાર મહિનાના આરામ પછી મેં કોમનવેલ્થ ગેમ્સમાં ભાગ લીધો તથા તેમાં વિજયી નીવડ્યો. મારો આ વિજય કઠોર પરિશ્રમના સહારે અશક્યને પણ શક્ય બનાવી શકાય છે તે પુરવાર કરે છે.

## યશ પટેલ ડિપ્લોમા એન્જિનિયરિંગનો અભ્યાસ કરે છે

# શહેરના યશ પટેલે કોમન વેલ્થ ગેમ્સમાં સિલ્વર મેડલ મેળવ્યો

## જયપુર ખાતે આંતરરાષ્ટ્રીય કોમનવેલ્થમાં જૂડોમાં મેડલ મેળવ્યો

। વડોદરા ।

જ્યુડો ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા જયપુર ખાતે જ્યુડો સ્પર્ધાનું આયોજન કરાયું હતું. પ્રથમ વખત ભારતમાં યોજાઈ રહેલી સ્પર્ધામાં ભારત સહિત ૧૫ દેશના સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમાં વડોદરાના યુવાન અને પારૂલ યુનિવર્સિટીના વિદ્યાર્થી યશ પટેલે સિલ્વ મેડલ મેળવ્યો છે.

ઈન્ટરનેશનલ જ્યુડો ફેડરેશનના નેજા હેઠળ જ્યુડો ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા ૩થી ૧૧ નવેમ્બર દરમિયાન ઈન્ટરનેશનલ જ્યુડો સ્પર્ધાનું આયોજન કરાયું હતું. જયપુરના સવાઈ માનસીંઘ સ્ટેડિયમમાં યોજાયેલ સ્પર્ધામાં ભારત, દક્ષિણ આફ્રિકા, બ્રિટન, બોટ્સવાના, ન્યૂઝીલેન્ડ, મેલેશિયા સહિતના ૧૫ કરતા વધારે દેશોના સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમાં વડોદરાના યુવાન અને પારૂલ યુનિવર્સિટીના વિદ્યાર્થીએ ભારતીય બી ટીમમાંથી ભાગ લીધો હતો. અંતિમ રાઉન્ડમાં ભારતીય એ અને બી ટીમ જ સામસામે આવી હતી. જેમાં વડોદરાના યશ પટેલે સિલ્વર મેડલ જીત્યો હતો. યશ પટેલે જણાવ્યું હતું કે, ઈન્ડિયા બી ટીમના સદસ્ય તરીકે જુનિયર મેન્સ લીગમાં ત્રણ ટીમો સામે સ્પર્ધામાં ભાગ લીધો હતો જેમાંની બે સ્પર્ધામાં મારો વિજય થયો હતો. સ્પર્ધાની તૈયારી સમયે ઈજાગ્રસ્ત થયો હતો. જેની સારવાર મુંબઇ ખાતે લેવી પડી હતી. ડૉક્ટરે



મને પગની સર્જરી કરાવી ૮ મહિના આરામ કરવા સલાહ આપી હતી. મેં સર્જરી તો કરાવી ચાર મહિના જેટલો સમય આરામ કરીને હું જ્યુડો સ્પર્ધાની કોમન વેલ્થમાં ભાગ લેવા પહોંચી ગયો હતો. જેમાં મને સિલ્વર મેડલ મળ્યો છે. પારૂલ યુનિવર્સીટીના કુલપતિ ડૉ. એમ.એન. પટેલે જણાવ્યું હતું કે, યુનિવર્સીટીના વિદ્યાર્થી યશ પટેલની સિદ્ધિ પારૂલ યુનિવર્સિટીના યુવા વિદ્યાર્થીઓ માટે ઉત્કૃષ્ટ પ્રદાન કરવા પ્રેરશે. યશ પટેલની આગળની સિદ્ધિને બિરદાવવા આજથી જ તેનો તમામ શૈક્ષણિક ખર્ચ યુનિ. દ્વારા ઉઠાવવાનો નિર્ણય લીધો છે. તેટલું જ નહી સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત અને ઈન્ડિયાના જાહેરનામા અનુસાર તેને યશને રૂા. ૧૮ લાખનું ઈનામ આપવાની ઘોષણા સરકાર દ્વારા કરાઈ છે.